નં-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૨૪(૩)/09
જી.આઈ.ડી.સી, વડી કચેરી,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૨૫-૦૧-૨૦૧૧.

<u>//પરિપત્ર//</u>

વિષય:– નિગમની વસાહતોમાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટના એકત્રિકરણની સત્તાની સોંપણી બાબત.

સંદર્ભ:– નિગમના નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક–ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/૨૪/(૩)/૦૯ તા ૧૬/૨/૧૦.

નિગમની જુદી જુદી વસાહતોમાં આવેલ એકજ માલિક, ભાગીદારો કે પ્રાઈવેટ લીમીટેડ, લીમીટેડ કંપની એક કરતા વધુ એકમ ધરાવતા હોય તેવા કિસ્સાઓમાં પ્લોટ/શેડ વિગેરેની એકત્રિકરણ કરવા માટેની દરખાસ્ત મળે છે. જે બાબતે નિગમે સંદર્ભદર્શિત પરિપત્રથી સૂચનાઓ જારી કરેલ છે. જેમાં, કેટલીક શરતોને આધિન એકત્રિકરણની દરખાસ્ત મંજુર કરવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રીઓને સંદર્ભિત પરિપત્રથી સોંપવામાં આવેલ છે.

અનુભવે એવું જણાયેલ છે કે રહેણાક પ્લોટના કિસ્સામાં ઓછુ ક્ષેત્રફળ ધરાવતા પ્લોટના ફાળવણીદારો ધ્વારા એકત્રિકરણ કરાવીને ફલેટ/એપાર્ટમેન્ટ બનાવવામાં આવે છે અને આ કારણોએ ઘણા વિવાદો ઉભા થાય છે.

આ ઉપસ્થિત થનારા વાદ–વિવાદોને અનુલક્ષીને તેના નિવારણ સારું રહેણાંક પ્લોટના કિસ્સામાં એકત્રિકરણની દરખાસ્ત મંજુર કરવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રીઓ પાસેથી પરત લઈને નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રાખવામા આવે છે.

વધુમાં નિગમના નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/રહેણાંકનીતિ/પીઓએલ/૨૦૦૪/૨૨ તા.૨૨/૯/૦૪ ની નીતિ અનુસાર રહેણાંક હેતુસર વ્યકિતગત ધોરણે ફાળવવામાં આવેલા રહેણાંક પ્લોટનું એકત્રિકરણ મંજુર રાખી શકાશે નહિ તેવું અમલી બનાવેલ હોઈ, આવા રહેણાંક પ્લોટના એકત્રિકરણની દરખાસ્ત સ્વીકારવાની રહેશે નહિ. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ પરિપત્ર મળ્યા અંગેના પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.

TO
MANAGER (EST/BOARD)

(પા છ ળ)